# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-05-2024** **Midday : 2.30 to 2.35pm**

**Day: Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## RAJKOT TRP ZONE TRAGEDY

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનની દુર્ઘટના બાદ આઠ મહાનગરોમાં આવેલા ગેમઝોનની ચકાસણી પૂર્ણ થતાં તેનો અહેવાલ રાજ્ય સરકારને સોંપવામાં આવ્યો છે. આ તમામ મહાનગરોમાં હાલમાં 101 ગેમઝોનની તપાસના અંતે 81 ગેમઝોનને હંગામી ધોરણે બંધ કરવામાં આવ્યા. જ્યારે 20 ગેમઝોનને સીલ કરવામાં આવ્યા છે. આમાંથી સૌથી વધુ અમદાવાદ શહેરમાં 34 એકમ પૈકી પાંચ એકમોને સીલ કરવામાં આવ્યા અને 29 એકમ બંધ કરવામાં આવ્યા. તો રાજકોટ શહેરમાં 12 ગેમઝોન પૈકી 8ને સીલ કરવામાં આવ્યા અને ચાર હંગામી ધોરણે બંધ કરવામાં આવ્યા.

રાજકોટ ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાની તપાસ માટે ગુના તપાસ વિભાગના અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદીની અધ્યક્ષતામાં રચાયેલી વિશેષ તપાસ ટુકડી પરત ફરી છે. આ દુર્ઘટનાની તપાસ દરમિયાન લેવાયેલા નિવેદન પર વિસ્તૃત અહેવાલ તૈયાર કરવામાં આવશે.

## RAJKOT TRP ZONE AAROPI REMAND

રાજકોટની સ્થાનિક અદાલતે ટીઆરપી ગેમઝોન દુર્ઘટનાના ત્રણ આરોપી યુવરાજસિંહ સોલંકી, નીતિન જૈન અને રાહુલ રાઠોડના 14 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે અદાલત સમક્ષ ત્રણેય આરોપીના રિમાન્ડની માગણી કરી હતી. સરકારી અને બચાવ પક્ષના વકીલોની દલીલ બાદ અદાલતે આરોપીના 14 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

દરમિયાન આ ઘટનાના ચોથા આરોપી ધવલ ભરતભાઇ ઠક્કરની આબુરોડ પાસેથી બનાસકાંઠા સ્થાનિક ગુના શાખા પોલીસે ધરપકડ કરી છે.

## MORBI GAME ZONE CLOSE

રાજકોટ ટીઆરપી ગેમઝોનની દુર્ઘટનાને ધ્યાનમાં રાખી મોરબી જિલ્લા કલેક્ટરે તાકીદે સમીક્ષા બેઠક યોજી હતી. જિલ્લા કલેક્ટર કે. બી. ઝવેરીએ જિલ્લામાં

નીતિનિયમોનું ઉલ્લંઘન કરીને ચાલતા ગેમઝોન બંધ કરવા આદેશ આપ્યો છે. આ અંગે મોરબીના અધિક કલેક્ટર શિવરાજસિંહ ખાચરે જણાવ્યું કે,

**(બાઈટ – શિવરાજસિંહ ખાચર, અધિક કલેક્ટર, મોરબી)**

## Rajkot Fire FSL-1

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનની આગ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ અને DNA મેચ થયા બાદ તેમના સગાંઓને સોંપવાની કામગીરી કરવામાં આવી રહી છે. ગાંધીનગર FSLમાંથી D.N.A. મેચિંગનો અહેવાલ આવ્યા પછી સગાંઓને મૃતદેહ સોંપાઈ રહ્યા છે.

મૃતકોના પાર્થિવ દેહ તેમના પરિવારજનોને સત્વરે મળી રહે તે માટે 18થી વધુ સભ્યોની FSL ટીમ દિવસરાત કામગીરી કરી રહી છે. મોટરમાર્ગે સમય ન બગડે તે માટે તાત્કાલિક એર એમ્બુલન્સ દ્વારા નમૂના પહોંચાડવામાં આવ્યા હતા.

અત્યાર સુધીમાં કુલ 17 મૃતદેહોના DNA મેચિંગના આધારે ઓળખવામાં આવ્યા છે. આ ઓળખ કર્યા બાદ આઠ મૃતદેહ સ્વજનોને સોંપવામાં આવ્યા છે. F.S.L.નો અહેવાલ આવે ત્યારે પોલીસ દ્વારા દર્દીઓના સગાઓનો સામેથી સંપર્ક કરીને બોલાવી તેમને વિધિવત્ રીતે મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે. મૃતદેહની સોંપણી કરવાથી લઈને અંતિમવિધિ સુધીની પ્રક્રિયામાં મદદ માટે એક નાયબ મામલતદાર અને એક પોલીસ સબ ઇન્સ્પેક્ટર સહિતની પોલીસ ટીમ સાથે રહે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

અમદાવાદમાં પણ અગ્નિ 'ના વાંધાપ્રમાણપત્ર' અને મકાન ઉપયોગની મંજૂરી વગર અનેક ગેમઝોન ચાલુ હોવાનું ધ્યાનમાં આવતા એસ્ટેટ અને ફાયર વિભાગે પગલાં લેવાનું શરૂ કર્યું છે.

## GANDHINAGAR HARSH SANGHAVI BETHAK

રાજકોટ TRP ગેમઝોન અગ્નિ દુર્ઘટના અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે રાજકોટના નવા પોલીસ કમિશનર બ્રિજેશ ઝા સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કર્યો હતો. શ્રી સંઘવીએ લાઈન ઑફ એક્શન અને અત્યાર સુધીની કામગીરીની સમીક્ષા કરી હતી. ઉલ્લેખનીય છે કે, આ બેઠકમાં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય પણ ઉપસ્થિત રહ્યા હતા.

## MAHISAGAR

મહીસાગર જિલ્લાના બાલાસિનોર નજીકની જમિયતપુરા ડમ્પીંગ સાઇટ કામચી ધોરણે બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. ડમ્પીંગ સાઇટને કારણે આસપાસના વિસ્તારોમાં પ્રદૂષિત પાણીને લઈને ઘણા સમયથી વિરોધ હતો. આ વિશે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ...કૌશીક જોશી...

(બાઇટ- કૌશીક જોશી)

## AHMEDABAD POLICE NOTIFICATION

લોકસભા ચૂંટણી માટે 4 જૂનના રોજ મતગણતરી થવાની છે. જેને લઈને અમદાવાદ પોલીસે જાહેરનામું બહાર પાડ્યું છે. અમદાવાદ શહેરમાં ગુજરાત કૉલેજ, એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટી ખાતે મતગણતરી કરવામાં આવશે. જેને લઈને તકેદારીના ભાગ રૂપે 4 જૂનના રોજ, મતગણતરી કેન્દ્રોની આસપાસ 200 મીટરના વ્યાપમાં મોબાઇલ ફોન, કોર્ડલેસ, કે વાયરલેસ ફોનના ઉપયોગ પર મનાઈ ફરમાવાઈ છે. ઉપરાંત મતગણતરી કેન્દ્રોની આસપાસ વાહનો પાર્ક કરવા તેમજ જ્વલનશીલ પદાર્થો લઈ જવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જાહેરનામાના ભંગ બદલ આઈપીસીની કલમ 188 અંતર્ગત ફરિયાદ દાખલ કરાશે.

## MEHSANA MAT GANATRI

મહેસાણામાં આગામી 4 જૂને લોકસભા અને વિજાપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે મર્ચન્ટ મહાવિદ્યાલયમાં મતગણતરી થશે. આ માટે 400 જેટલા

કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. જિલ્લામાં એક હજાર 805 ઈવીએમ મશીનમાં નોંધાયેલા 10 લાખ 58 હજાર મતની ગણતરી કરવામાં આવશે.

દરેક વિધાનસભા પ્રમાણે સાત બેઠકમાં 17થી 21 રાઉન્ડમાં ગણતરી કરવામાં આવશે. જ્યારે માણસા બેઠકની 18 રાઉન્ડ તેમ જ મહેસાણાની 19 રાઉન્ડમાં મતગણતરી થશે.

## PANCHMAHAL PANAM KENAL SAMARKAM

પંચમહાલ જિલ્લાની જીવાદોરી સમાન પાનમ ડેમમાંથી સિંચાઈ કેનાલમાં પાણી છોડવાનું બંધ કરવામાં આવ્યું છે. પાનમ કેનાલનું સમારકામ ચાલી રહ્યું હોવાથી 132 ગામના ખેડૂતોને પાનમ સિંચાઈ કેનાલમાં એક મહિના સુધી સિંચાઈનું પાણી નહીં મળી શકે. હાલમાં પાનમ ડેમમાંથી અનેક ગામોને પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે. રાહતની વાત એ છે કે, પાનમ જળાશયમાં હાલમાં 60 ટકા પાણી ઉપલબ્ધ હોવાથી આગામી દિવસોમાં પાણીની કટોકટી નહીં સર્જાય. તેમ જ ખેડૂતો અને 50થી વધુ ગામને વરસાદ ખેંચાય તો પણ પાણી મળી શકે તેમ છે.